Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)



# જયકચ્છ



OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિદ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૮૯ ★ સંવત. ૨૦૭૮ ★ ફાગણ સુદ ૧૦ ★ તા. ૧/૩/૨૦૨૩, ★ અંક ૬ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૬/૩/૨૦૨૩ ★ RNI No. 1886/57

# દેશી ગાયના છાણનું લીંપણ કરવાથી થાય છે તમે પણ જાણી લ્યો આ વૈજ્ઞાનિક ફાયદા

યુગોથી આપણા દેશમાં ગાયને હિમતનું સ્થાન મળ્યું છે. હા ગોબરમાં લક્ષ્મીજીનો વાસ હોવાનું પ્રાચીન ગ્રંથોમાં વાંચવા મળે છે. આ વિધાન માત્ર શાસ્ત્રોક શબ્દો નથી પરંતુ વૈજ્ઞાનિક સત્ય છે. આ તથ્યો અને તથ્યોના આધારે ભારતીય વૈજ્ઞાનિકોએ ૧૯૫૩–૫૪માં વિકસાવેલા પ્રથમ બાયોગેસ પ્લાન્ટનું નામ હાયગ્રામ લક્ષ્મીજી રાખ્યું, જેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પણ મળી. એ જ પૂર્વજોના પગલે ચાલીને આજે પણ ગાયના છાણને શુદ્ધ માનીને ધાર્મિક વિધિઓ, પૂજા સ્થાનો, દીવા સ્થાપન, પંચામૃત બનાવવા વગેરે માટે ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, તમામ ભારતીય ગ્રામીણ ઘરોને નિયમિતપણે ગાયના છાણથી લીંપવાની પ્રથા હજી પણ દરેક જગ્યાએ અસ્તિત્વમાં છે.

કોઈપણ યુગના સમાજને જાણવા અને સમજવા માટે સ્થાનિક લોકસંસ્કૃતિ એ શ્રેષ્ઠ માધ્યમ છે. આમાં લોકગીતો, લોકવાર્તાઓ અને વિવિધ ભાષાઓના વિવિધ સ્વરૂપો દ્વારા સ્થાનિક સંસ્કૃતિની અભિવ્યક્તિ થતી રહે છે. વિવિધ ભાષાઓના લોકગીતોના અધ્યયન પરથી જાણવા મળે છે કે કોઈપણ કાર્યની શરૂઆત કે શરૂઆત કરતા પહેલા તે સ્થળને ગાયના છાણથી શુદ્ધ કરવામાં આવતું હતું. આપણા પરંપરાગત ગ્રામીણ ગીતોમાં ભગવાનની પૂજા માટે ઘરના આંગણાને ગાયના છાણથી લીંપવાનું કહેવામાં આવ્યું છે, લગ્ન પ્રસંગની શરૂઆત ઘરના આંગણાની દીવાલને ગાયના છાણથી લેપ કરવાથી જ થતી હતી.

કેટલાક દાયકાઓ પહેલા સુધી, લગભગ તમામ ભારતીય ઘરોમાં ગૌમૂત્ર રાખવાની પરંપરા હતી, જેનો ઉપયોગ તેના ઔષધીય ગુણોને કારણે શુદ્ધિકરણ માટે કરવામાં આવતો હતો. આજે, આધુનિક અને સ્ત્રશ્યમાન બનવાની દોડમાં, આ પરંપરાઓ પાછળની વૈજ્ઞાનિક બાજુથી અજાણ હોવાથી, આર્થિક વિકાસ માટે આ સમૃદ્ધ પરંપરાઓને પુનઃસ્થાપિત કરવી અત્યંત જરૂરી છે. તેમજ છાણમાં લક્ષ્મીનો વાસ માનવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ સ્વસ્થ હશે ત્યારે જ સુખ અને સમૃદ્ધિ આવશે. આ બધું ગાયના છાણથી થતું, આજની ભાષામાં આંગણાને સેનિટાઈઝ કરવામાં આવતું. ઉપરાંત, ગાયના છાણમાંથી જંતુઓ અને કરોળિયા આવતા ન હતા. ગાયનું છાણ અને મૂત્ર આપણા ગ્રામીણ વાતાવરણમાં સરળતાથી ઉપલબ્ધ પદાર્થો છે.

આ બંનેનો યોગ્ય વ્યવહારિક ઉપયોગ કરવા માટે ભારતમાં ઘણી સરળ અને પ્રાચીન ગ્રામીણ તકનીકો ઉપલબ્ધ છે, જેના દ્વારા કૃષિ સંવર્ધન અને આરોગ્ય સુરક્ષાના ક્ષેત્રમાં સંપૂર્ણ લાભ લેવાની સાથે, વધુ ગરમી કાર્યક્ષમ આધુનિક ઈંધણનું ઉત્પાદન કરીને સ્થાનિક =ર્જાનું ઉત્પાદન કરવામાં આવે છે. ગેસ અને વીજળીની માંગનો મોટો હિસ્સો સંતોષી શકાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, છાણ અને ગૌમૂત્ર આધારિત કૃષિ અને રોગની સારવારની પદ્ધતિઓ અપનાવીને, દરેકનું ધ્યાન તેના મહત્તમ ઉપયોગ તરફ આકર્ષવામાં આવ્યું છે. નવા વૈજ્ઞાનિક સંશોધનોમાં જાણવા મળ્યું છે કે એક ગ્રામ ગાયના છાણમાં વિવિધ ક્ષમતાના ક્ષ્ડડ કરોડથી ક્ષ્ડડડ કરોડ સૂક્ષ્મ જીવો હોય છે. આ પરીક્ષણોથી જાણવા મળ્યું કે કચરો ગમે તેટલો ઝેરી હોય, ગાયના છાણમાં છુપાયેલા સૂક્ષ્મ જીવો તેને ઉપયોગી બનાવે છે. એક ટન કચરામાં ક્ષ્ડ કિલો ગાયનું છાણ ભેળવીને, આ સૂક્ષ્મ જીવો થોડા દિવસોમાં જીવંત ખેતી માટે શ્રેષ્ઠ ખાતર તૈયાર કરે છે.

આ પરીક્ષણોથી એ પણ સ્પષ્ટ થાય છે કે એક હેક્ટર જમીનને સુધારવા માટે એક ગાય અથવા બળદ પર્યાપ્ત છે. પરીક્ષણો પરથી એવું પણ જાણવા મળ્યું હતું કે, ખેતીની જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવો કે જેઓ ગાયનું છાણ અને ગૌમૂત્ર મેળવે છે, તેઓ તેમની પ્રવૃત્તિ દ્વારા પાકને નુકસાન પહોંચાડતા અન્ય બેક્ટેરિયાને પણ કાબૂમાં રાખે છે. ગાયના છાણના ખાતરના ઉપયોગથી માત્ર ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનોના ઉત્પાદનમાં વધારો થતો નથી, પરંતુ રાસાયણિક ખાતરોની જરૂરિયાત પણ દૂર થાય છે. ગાયના છાણથી ઘર, આંગૂં, રસોડું વગેરેને રંગવાનું શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેનાથી આખું ઘર પવિત્રતા અને સકારાત્મક ઉર્જાથી ભરાઈ જાય છે.

ગાયના છાણની પેસ્ટનો સૌથી મોટો ફાયદો એ છે કે તે ટીબી સહિત અનેક જીવજંતુઓનો નાશ કરે છે. અતિશય ગરમીવાળા વિસ્તારોમાં ગોબર લગાવવાથી ઘરની દિવાલો ઠંડી રહે છે અને ઘરમાં પવિત્રતા, આરોગ્ય અને સાત્વિકતાની લાગણી વધે છે. જે ઘરો ગાયના છાણથી ઢંકાયેલા હોય છે તે ઘરો રેડિયો રેડિયેશનથી સુરક્ષિત રહે છે. ગાયના છાણમાં જંતુનાશક કાર્બોલિક એસિડ હોય છે. આ ગુણવત્તાના જ્ઞાનને લીધે, આપણા ખેડૂત પૂર્વજોએ ભારતમાં શુદ્ધિકરણ માટે ગૌમૂત્રનો ઉપયોગ કરવાની સામાન્ય પ્રથા સ્થાપિત કરી, જે આજે પણ આપણા ગ્રામીણ લોકોમાં ઊંડે ઊંડે જડેલી છે. નવા સંશોધનમાં એ પણ સામે આવ્યું છે કે ગૌમૂત્રમાં નાઈટ્રોજન, ફોસ્ફેટ, યુરિક એસિડ, સોડિયમ, પોટેશિયમ અને યુરિયા હોય છે. દૂધના દિવસોમાં ગાયના પેશાબમાં લેક્ટોઝ હોય છે, જે હૃદય અને માનસિક વિકૃતિઓ દૂર કરવામાં ઉપયોગી છે. તેથી, આપણે વિશ્વ કક્ષાની માન્યતા મેળવવા માટે વૈજ્ઞાનિક સંશોધન દ્વારા પ્રમાણિત પરિમાણો અનુસાર ગાયના છાણ અને મૂત્ર પર આધારિત પ્રાચીન ભારતીય કૃષિ પદ્ધતિઓનું પરીક્ષણ કરવું પડશે. ભારતીય ગાયના છાણ અને મૂત્રમાં અનેક ઔષધીય ગુણો છે. આ તફાવત ફક્ત સંશોધન દ્વારા જ સાબિત થઈ શકે છે અને જો આ સાબિત થઈ જાય, તો આપણે નવા ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક આર્થિક લાભનો લાભ લઈ શકીશું.

**માહિતી સ્ત્રોત**
**ગોમયે વસ્તે લક્ષ્મી સંકલન**
**ગીરીશભાઈ શાહ,**
**પ્રમુખ, સમસ્ત મહાજન**
**મેમ્બર, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા**

## કૃષિ ચિંતન

– ખેતીનું ધયેય ફકત પાક ઉગાડવાનું જ નથી, પરંતુ માનવજાતને પૂર્ણતા તરફ લઈ જવાનું પણ છે.
– ખેતીનો મારગ છે સજીવોનો, નહીં રસાયણોનુ નામ જો ને.
– માત્ર પોતાના આરોગ્યની જ નહીં, ધરતીમાતાના આરોગ્યની પણ ચિંતા જરૂર કરીએં.
– પરંપરાગત જ્ઞાન નકામું નહીં, બલ્કે વ્યવહારૂ છે.
–સજીવ ખેતીઃ પ્રાકૃતિક સ્ત્રોતોનું થતું સતત સંવર્ધન
–દેશી બીજની જાતોની વિવિધતાની જાળવણીઃ આપણો સાચો યુગધર્મ.
– કુદરત એ નિવડેલ વિજ્ઞાની છે, તેની પ્રક્રિયામાં ઓછા ખલેલરૂપ બનીએ.
– સજીવ ખેતીઃ જીવનની ઘટમાળમાં સંવાદિતા જાળવવામાં સહાયરૂપ.
– સજીવ ખેતી એટલે સાચો યુગધર્મ

**(સૌ. ગ્રામજતન અંક)**

**શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા બહાર પડયાં છે ઉપયોગી પુસ્તકો**

Save Water • Save Tree • Save Life

**ગાય આધારિત**

**ખેતી : એક અનુભવ**

**લેખન તેમજ સંકલન**
**મહેશભાઈ પી. સોલંકી**
**મનોજભાઈ પી. સોલંકી**

**આ પુસ્તકમાં આપ શું વાંચશો**

– ખેતીમાં પ્રકૃતિની નીજી વ્યવસ્થા – સજીવ ખેતીની વ્યાખ્યા – ગ્લોબલ વૉર્મિંગ સામે રક્ષણ – સર્વશ્રેષ્ઠ ઉદ્યોગ – પ્રોત્સાહન કઈ રીતે આપી શકાય ? – તાલીમનું મહત્વ – સજીવ ખેતીની વિભાવના

**અમારી પાસે ઉપલબ્ધ સી.ડી.**
**– ચાલો કુદરત ખોળે (પ્રાકૃતિક ગીતો) – વંદે ગૌમાતરમ (ગૌ ગીતો)**
**એમ.પી ૩ તેમજ ડીવીડી સ્વરૂપે**

**મેળવવા માટે અમારો સંપર્ક કરો**

શ્રીરામ કૃષ્ણ ટ્રસ્ટ , ભુજ-અંજાર હાઈવે, કુકમા (કચ્છ) તા. ભુજ.
મો. ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯

# માતૃભાષાનું મહત્વ કયારે સમજીશું?

**– ભરત પ્રા. ઠાકર (અંજાર)**

છેલ્લા થોડાં વર્ષોથી આપણા દેશમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની એક 'અનિષ્ટ ઘેલછા' ઉપડી છે. તેના કારણે આજે ભારતમાં એવી સ્થિતિ સર્જાઈ છે, જે અંગ્રેજો પણ સર્જી શકયા નહોતા. બ્રિટિશ રાજયમાં એમની ભાષા શીખવી અનિવાર્ય બની હતી, પણ તેઓએ કયારેય કોઈ વિદ્યાલયમાં ત્રણ–ચાર વર્ષના બાળકોને અંગ્રેજી ભણવા માટે મજબૂર કે વિવશ કર્યા ન હતા.

**વિપરીત માનસિક અસર**

તે સમયે બધી પ્રાથમિક શાળાઓમાં 'માતૃભાષા' જ શિક્ષણનું માધ્યમ રહેતી હતી તથા પ્રાથમિક કક્ષા પછી જ અંગ્રેજી શરૂ થતી હતી. તેમાં બાળકો પર અસ્વભાવિક બોજ પડતો ન હતો. માધ્યમિક વર્ગોમાં પણ શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ રહેતું હતું. સરકારી શાળાઓ બહુ ઓછી હતી અને લોકો સરકારી ધોરણે પોતાની શાળાઓ ખોલતા હતા.

આજે આપણે અંગ્રેજીને મસ્તક પર બેસાડીને અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપતાં જે 'કારખાના' ચલાવી રહ્યાં છીએ તે બાળકો પર મનોવૈજ્ઞાનિક રીતે ઘણી ખરાબ અસર પાડી રહ્યાં છે. બાળકોમાં પોતાની ભાષા પ્રત્યે અરુચિ તથા વિદેશી ભાષા પ્રત્યે મોહ વધતો જ રહ્યો છે. મહાત્મા ગાંધી, દયાનંદ સરસ્વતી, વિનોબા ભાવે વગેરે મહાનુભાવોએ પોતાની ભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. વિનોબા એકસાથે દેશ વિદેશની અનેક ભાષાઓ જાણતા હતા. તેઓ કહેતા કે માતૃભાષા વ્યકિત ની પહેલી, રાષ્ટ્રભાષા બીજી અને સંસ્કૃત ત્રીજી આંખ છે. આપણા બંધારણમાં પણ અંગ્રેજીને બીજું અને હિન્દીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

**બિનઅંગ્રેજી ભણતર શકય**

બધા શિક્ષણવિદોનો એકમત છે કે શિક્ષણ માતૃભાષામાં હોવું જોઈએ, તેમ છતાં હજુ પણ દેશના બાળકોને ફરજિયાત પણે અંગ્રેજી ભણાવાઈ રહી છે. જો કે નવી શિક્ષણ નિતિમાં પહેલાં પાંચ ધોરણ માતૃભાષામાં ભણાવવાની વાત છે જે આવકારદાયક છે.

ઘણા ઓછા લોકો જાણતા હશે કે દેશમાં એક 'નેશનલ ઓપન સ્કૂલ' ચાલે છે, જે દસમા–બારમા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ અંગ્રેજી ભાષા વિના લઈને એમને પ્રમાણપત્ર આપે છે તથા આ વિદ્યાર્થીઓ આગળ ચાલીને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૌ)માંથી સ્નાતકની પરીક્ષા પણ અંગ્રેજી વિના આપી શકે છે.

આ પ્રણાલીકાથી અનેક યુવક–યુવતીઓ લાભાન્વિત થઈ રહ્યા છે અને પોતાનો જીવનનિર્વાહ કરી રહ્યા છે. શું સરકાર આ યોજનાને તમામ શિક્ષણ સંસ્થાઓમાં લાગુ નથી કરાવી શકતી ? અંગ્રેજી મહાન ભાષા છે, પરંતુ એક સ્વતંત્ર દેશમાં ફરજિયાત પણે અંગ્રેજી શીખવવી એ દેશને ફરી ગુલામી તરફ લઈ જવાનું જ કહેવાશે.

**માતૃભાષા અને ગાંધીજી**

'...પ્રાથમિક પાયરીએથી બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ તો એમનો સ્વાભાવિક વિકાસ ઊગતો ડામવા બરાબર અને કદાચ તેમનામાંની સ્વયં પ્રેરણાને મારી નાખવા બરાબર છે. ભાષા શીખવીએ મૂળે તો સ્મરણશકિત કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાના ભોગે જ શીખી શકે છે. હું માનું છું કે ગામડા ના બાળકના જેટલું જ શહેરી બાળ કોને માટે પણ એ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખિતી અને ખુલ્લી વાત કેવળ હિન્દુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે.'

# ગોબર ગેસ : કુદરતી રીતે ઉત્પન્ન થતા જીવોનો રક્ષક

ગોબર ગેસ બનાવવાથી કોઈ જીવ હિંસા થતી નથી. છાણ અને પાણી મીક્ષ કરવાથી જીવોને જીવતદાન મળે છે. કોઈપણ સમયે ગાયના છાણમાં ૪૮ મિનિટ પછી જીવ કુદરતી રીતે ઉત્પન્ન થાય છે. તે છાણને પાણીમાં મીક્ષ કરવાથી જીવો સુરક્ષિત જ રહે છે. આ છાણમાંથી ફકત ગેસ બહાર નીકળ છે. જે ગેસરૂપી હવા બળતણ તરીકે ઉપયોગી થાય છે. (સ્લરી) રબડી છાણમાં જીવો સુરક્ષિત રહે છે. આપણે તેને અડતા પણ નથી. આગળ જતાં આ રબડી ખાતર તરીકે જમીનમાં ખેતીના પાકમાં ઉપયોગી થાય છે. જીવો તો જીવતા જ રહે છે. જમીનને પોષણ મળે છે. પાકને પોષણ મળે છે. પાંજરાપોળોએ ગોબરગેસ પ્લાન્ટ બનાવી સંસ્થાને આર્થિક રીતે પગભર થવા ઉપયોગ કરવો જોઈએ. જેથી ઉર્જા બચશે, પર્યાવરણ બચશે.

# તા. ૧૨–૧૩– ૧૪ માર્ચના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ માર્ચના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયો નું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯નો સંપર્ક કરવો.

## ઈજન

***સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....***

***– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)***

***શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ***

***ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)***

***મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,***

***નોધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–***

## "જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત

**ખાતાનું નામ : જયકચ્છ**
**JAYKUTCH**
**બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા**
**શાખા : ભુજ(કચ્છ)**
**ખાતા નંબર :**
**૩૧૮૩૨૮૫૨૭૯**
**3183285279**
**આઈએફએસસી :**
**CBIN0280589**
**રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી**
**(વાર્ષિક લવાજમ ફકત રૂા. ૧૫૦/–)**

## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળ૯૮થી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

### દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈ ત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.


## સત્વમ
નેચરલ અને ઓર્ગેનિક

- o પંચગવ્ય ઉત્પાદન
- o અનાજ
- o સિંધવ નમક
- o માટીના વાસણ
- o કાચી ઘાણીનું તેલ
- o બુરો (સાકર)
- o દેશી ગોળ
- o કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- o ગૌમૂત્ર અર્ક
- o ઔષધિઓ
- o મસાલા
- o ઘર વપરાશની વસ્તુઓ

ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)
સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭



## વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા
(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા

સોમવાર થી શુક્રવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી
સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪

શ્રી સર્વસેવા સંઘ કાર્યાલય,સંતોષ સોસાયટી, વી.ડી. હાઈસ્કુલની સામે, ભુજ(કચ્છ)

# આરોગ્યપ્રદ મીઠા લીમડાની ખેતી છે સરળ

મીઠા લીમડાની ખેતી કરવી ખૂબ જ સરળ છે, તેનો વર્ષમાં ત્રણ વખત પાક લઈ શકાય છે, પરંતુ મીઠા લીમડાનુ સૌથી વધુ વાવેતર અને આવક શિયાળામાં થાય છે. તો આજે તમને ઘરે જ મીઠો લીમડો કેવી રીતે ઉગાડી શકાય તે જણાવીશું.

**મીઠો લીમડાનો ઉપયોગ**

કોઈપણ ભોજન લીમડા વગર અધુરું છે. ભોજનને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં મીઠા લીમડાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. ભોજન ઉપરાંત લીમડો સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. દક્ષિણ ભારતમાં મીઠા લીમડાનો ઉપયોગ વધારે થાય છે. જોકે, ઉત્તર ભારતમાં પણ હવે તેનો ઉપયોગ વધ્યો છે. લીમડાને લઈને સૌથી મોટી મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે મીઠો લીમડો તમને બજારમાં ઉપલબ્ધ નથી થતો. આ કારણે સૌથી ઉત્તમ એ જ છે કે, તમે ઘરે જ મીઠા લીમડાનો છોડ ઉગાડો અને રોજ તાજો જ મીઠો લીમડો પોતાના ભોજનમાં ઉપયોગ કરો. ઉપરાંત તમને જણાવીએ કે કપાસ અને મગફળીના વાવેતરમાં જે ખર્ચ આવે છે તેની સરખામણીએ આમાં ખર્ચ માત્ર ૬૫ ટકા જ આવે છે.

**ક્યારે લગાવી શકાય છોડ**

આખા વર્ષ દરમિયાન મીઠા લીમડાનો છોડ ગમે ત્યારે લગાવી શકાય છે, માત્ર તાપમાનનો જ થોડો ફેર પડે છે. આથી વધારે ઠંડી હોય ત્યારે તેને ન લગાવવો જોઈએ. તમે મીઠા લીમડાનો છોડ ઉનાળુ અથવા તો વરસાદ અથવા શિયાળો શરુ થાય તે પહેલા લગાવો તો ઉત્તમ રહેશે. મીઠો લીમડો લગાવવા માટે છોડના બી, કંટિંગ અને રોપાથી પણ લગાવી શકો છો. અને તમારા પણ કિચન ગાર્ડનમાં મીઠા લીમડાનો સમાવેશ થઈ જશે.

**લીમડો ઉગાડવા માટે શું–શું જોઈશે ?**

તમારે 8 થી 12 ઈંચનો ફૂલપોટ લો, તમે ઇચ્છો તો જૂની પ્લાસ્ટિક ડોલ વગેરેનો પણ ઉપયોગ કરી શકો છો. તમે જે પણ ઉપયોગ કરો છો તેના તળિયે ડ્રેનેજ માટે બે કે ત્રણ છિદ્રો રાખવાનો પ્રયત્ન કરો જેથી પાણી જમીનમાં વધુ પડતું ન રહે. પોટીંગ મિશ્રણ તૈયાર કરવા માટે માટી અને રેતીને એક સાથે ભેળવી દો અને ત્યારબાદ તેમાં છાણનું ખાતર નાખો. આ પછી તમે બીજની રોપણી કરી શકો છો. વાસણમાં પોટીંગ મિશ્રણ ઉમેરો અને તેમાં બીજ અથવા કાપીને લગાવો. હવે પાણી આપો અને આ વાસણને શરૂઆતમાં ત્યાં રાખો જ્યાં સૂર્યનો પ્રકાશ હોય. દરરોજ પાણી આપતા પહેલા તપાસો કે માટી બહુ ભીની નથી, જો જમીન સૂકી હોય તો જ પાણી આપો. લગભગ 15 દિવસ પછી, તમારા બીજ અથવા કાપીને ફૂલી નીકળશે અને વધશે. જ્યારે તમારો છોડ એક મહિનાનો હોય, ત્યારે તમે તેને એવી જગ્યાએ રાખી શકો છો જ્યાં દિવસમાં ઓછામાં ઓછા 6 કલાક સારો સૂર્યપ્રકાશ હોય.

શિયાળામાં જો છોડ આખો દિવસ તડકામાં રહે છે, તો ત્યાં કોઈ સમસ્યા નથી, પરંતુ ઉનાળામાં, જો તાપમાન ઘપ ડિગ્રીથી ઉપર જાય છે, તો તમે છોડ પર લીલોતરી લગાવી શકો છો. મહિનામાં એકવાર તમે છોડને કોઈપણ પોષણ આપી શકો છો, તેને ક્યારેક ખાતર, ક્યારેક મસ્ટર્ડ કેક, ક્યારેક લીમડાના કેક અને ક્યારેક તમે વર્મી કમ્પોસ્ટ ઉમેરી શકો છો તેને બદલીને પોષણ આપવાનો પ્રયત્ન કરો. બધા છોડની માટીને વચ્ચે અને વચ્ચે રાખવી જોઈએ. થોડા મહિનામાં તમને મીઠો લીમડો તમારા ઘર આંગણે જ મળશે.

**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

ખાતાનું નામ : જયકચ્છ
JAYKUTCH
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર : ૩૧૮૩૨૮૫૨૭૯
3183285279
આઈએફએસસી :
CBIN0280589
રકમ જમા કરાવ્યા બાદ
મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર
જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

**જયકચ્છ વાર્ષિક લવાજમની રકમમાં વધારો**

આથી સર્વે ગ્રાહક મિત્રોને જણાવવાનું કે, **૧લી ઓકટો. ૨૦૨૨થી 'જયકચ્છ'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/– કરવામાં આવેલ છે.** જેની સર્વે શુભેચ્છકોએ નોંધ લેવા અને સહકાર આપતા રહેવા અપેક્ષા છે. આભાર..

– વ્યવસ્થાપક

જયકચ્છ

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે જય કચ્છ પત્ર અંગે માહિતી (ફોર્મનં. ૪ જુઓ રૂલ નં. ૮)

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી ભુજ (કચ્છ). |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : પાક્ષિક. |
| ૩. | મુદ્રકનુંનામ, રાષ્ટ્રીયતા અને સરનામું | : તેજસ ચં. પટ્ટણી, (ભારતીય) : ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી ભુજ (કચ્છ). |
| ૪. | પ્રકાશકનુંનામ, રાષ્ટ્રીયતા અને સરનામું | તેજસ ચં. પટ્ટણી, (ભારતીય) : ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી ભુજ (કચ્છ). |
| ૫. | તંત્રીનુંનામ, રાષ્ટ્રીયતા અને સરનામું | : તેજસ ચં. પટ્ટણી, (ભારતીય) : ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી ભુજ (કચ્છ). |
| ૬. | અખબારની માલિકી વગેરે અંગે | : તેજસ ચં. પટ્ટણી : ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી ભુજ (કચ્છ). (એકલા માલિક) |

હું તેજસ ચં. પટ્ટણી આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

ભુજ તા. ૧–૩–૨૦૨૩ પ્રકાશક : તેજસ સી. પટ્ટણી

**જયકચ્છ કાર્યાલય**

૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે,
છઠીબારી, ભુજ.
મો: ૯૯૨૫૧ ૭૪૬૯૯,
૯૪૨૬૭ ૮૯૩૯૯
jaykutch1@gmail.com

# કચ્છી લોકસાહિત્યના 'કળાયલ મોરલા' દુલેરાય કારાણી

(ગતાંકનું ચાલુ) ભાગ–૨

**જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'**

લોકસાહિત્યની સેવા પણ કરી શકે. એ વખતે નોકરીમાં નિમૂક વેળા ડિગ્રી નહિ, રસ રુચિ જોવાતી એટલે ધારી સફળતા મળતી. એ નક્કર હકીકત છે. કારાણીજીને ગમતું કાર્ય મળતાં, ખૂબ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા રહ્યા. તેમણે કચ્છના ખૂણે–ખાંચરે ફરીને પાળિયા ઢંઢોળીને એને બોલતા કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

એક દ્રષ્ટાંત ટાંકું..એક વખત પૂર્વ કચ્છના વગડા જેવા વિસ્તારમાંથી, ગાડાં પર બેસીને તેઓ પસાર થઈ રહ્યા હતા . વચ્ચે એક ગામ આવ્યું. કારાણીજીએ સ્વાભાવિક રીતે જ ગાડાંવાળાને એ ગામનું નામ પૂછ્યું. ગાડાંવાળાએ એટલી જ સહજતાથી જવાબ આપ્યો, "સાહેબ,આ ગામનું નામ છે વ્રજવાણી". આવા વેરાન વગડામાં આવું સુંદર મજાનું ગામ–નામ "વ્રજવાણી" ! કારાણીજીને આશ્ચર્ય થયું. તેમણે ગાડું થોભાવ્યું.

ત્યાં જ અચાનક તેમની નજર વર્તુળાકાર ગોઠવેલા પાળિયા અને વચ્ચે ખોડાએલ એક પાળિયા પર પડી. કારાણીજીને બહુ રસ પડ્યો. પછી તો આ બાબતે ઊંડું સંશોધન કરતાં, કચ્છની આ અનોખી પ્રેમ–કથા પ્રગટી આજે આ દર્શનીય સ્થળ વિકસીને સુવિધા સંપન્ન બન્યું છે. કારાણીજીનાં સંશોધનની આ વિગત દર્શાવતી આરસની તકતી મંદિરમાં લાગવી જોઈએ. ભલે વાત જૂની છે પણ છે સત્ય. એને ઉજાગર કરવાની આપણી ફરજ છે.

મેં વ્રજવાણીધામના અગ્રણી વેલજીભાઈ આહીરને આ સૂચન કરતાં એમણે એ આવકાર્યું છે એટલે અમલ થવાની આશા બંધાઈ છે. વ્રજવાણી કથા વખતે મોરારીબાપુને પણ એક લેખ પાઠવીને આ બાબતથી વાકેફ કર્યાં હતા. કેરામાં સંશોધિત મૂર્તિઓનાં સ્થળે આજે જડેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર અને સુશોભિત કલાત્મક પરિસર નિર્માણ પામ્યું છે. ભલે મંદિરે એની તકતી ૩૬ વર્ષ પછી લગાડવામાં આવી પણ છેવટે નોંધ લેવામાં આવી એનું મહત્વ છે.

એ જ રીતે મોડેથી પણ હવે કારાણીજીનાં સંશોધનની નોંધ લેવાવી જોઈએ. કચ્છી સાહિત્ય સંસ્થા, કચ્છ ઈતિહાસ પરિષદ, કચ્છ યુનિ.આ બાબતે જાગૃતિ દર્શાવે એવી અપેક્ષા .

અલબત્ત, વિઆરટીઆઈએ કારાણીનાં સાહિત્ય અંગે સેમીનાર યોજ્યો હતો એની નોંધ લેવી રહી. મુંદ્રાની દરબારી શાળાને 'દુલેરાય કારાણી'નું નામ આપવા મારા પ્રયત્નોને, કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખશ્રી સાવજસિંહભાઈએ સમર્થન આપ્યું અને અમે બન્નેએ સાથે મળીને રજૂઆત કરતાં પરિણામ મળ્યું. હવે એ શાળાને કારાણીજીનું નામ આપવામાં આવ્યું છે એનો પરમ સંતોષ છે.

દુલેરાય કારાણીજીની મહેચ્છા હતી 'કચ્છનાં ગામોનાં નામ કરણ' અંગે સંશોધન કરવાની પણ, ઉમરને લીધે એ અધૂરી રહી ગઈ. એમણે તા.૪.૧૦.૧૯૭૯નાં 'જય કચ્છ' અને એ જ અરસામાં 'કચ્છ મિત્ર' અને પછી અન્ય અખબારોમાં યાદી દ્વારા ગામ નામકરણ અંગેનાં સંશોધન કાર્યમાં લોકોને સહકાર આપવાની અપીલ કરી હતી. આ બાબતે ત્રણેક વર્ષ સુધી ખાસ પ્રગતિ નહિ થતાં મેં થોડો રસ દાખવતાં, એમણે, મને જ એ કાર્ય ઉપાડી લેવા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ આપ્યા. કારાણીજી સાથે મારો દાદા પૌત્ર જેવો સંબંધ હતો. તેમણે મને 'માનસ વારસદાર' ગણીને 'ખો' આપતાં, મેં પણ લોકોને એ દિશામાં વિચારતા કરવા યથાશક્તિ પ્રયત્નો કર્યાં છે અને એનો મહદ અંશે હેતુ સર્યો છે એનો મને સંતોષ છે.

મેઘાણીજી, કારાણીજી જેવા લોક સાહિત્યકારોએ પાળિયાને ઢંઢોળીને એને બોલતા કરવાનું 'ધૂળ–ધોયા' કાર્ય કર્યું છે. કહેવાય છે કે પાળિયાને, વાચા ફૂટી હોય એમ, એમની સમક્ષ પાળિયા સ્વયમ જાણે કે પોતાની ગાથા બોલવા લાગતા મને લાગે છે કે ગામ નામો પણ એ જ રીતે "પોતાની ગાથા ગાવા લાઈનમાં ઉભાં છે". આપણે એમને સાંભળવા "કર્ણ–ત્રષ્ટિ" કેળવવી પડશે. **(ક્રમશઃ)**

# કચ્છના કિસાન મગનભાઈ આહિરનું કર્ણાટકમાં થયું રાષ્ટ્રીય સ્તરનું "પુરુષોત્તમ સન્માન"

### નિગાળના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત દંપતિને તીર્થહલી ખાતે અપાયો વિશેષ ઍવોર્ડ

ભુજ : અંજાર તાલુકાનાં નિગાળના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતનું કર્ણાટક ખાતે રાષ્ટ્રીય સ્તરનું "પુરુષોત્તમ સન્માન" સહ પરિવાર કરવામાં આવ્યું હતું. કર્ણાટકની પ્રતિષ્ઠિત સંસ્થા પુરુષોત્તમ કૃષિ સંશોધન પ્રતિષ્ઠાન દ્વારા શુભકૃત સંવત્સર સન્માન સમારોહમાં રાજ્ય સરકારના ગૃહ મંત્રી અને પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ શ્રી આરગ જ્ઞાનેન્દ્ર તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય વ્યવસ્થા પ્રમુખ શ્રી મંગેશ પાંડેની ઉપસ્થિતિમાં આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

દેશભરમાં ખેડૂતોનો સર્વે કર્યા બાદ કર્ણાટકના કૃષિ પ્રયોગ પરિવાર દ્વારા શિવમોગ્ગા જિલ્લાના તીર્થહલ્લી ગામ ની સંસ્થા દ્વારા શ્રેષ્ઠ કિસાનની પસંદગી કરવામાં આવતી હોય છે ત્યારે ચાલુ વર્ષ 2020-21 માટે તેઓએ નિગાળ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી મગનભાઈ આહીરની પસંદગી કરી હતી . જે ખેડૂત ની આજીવિકા માત્ર ખેતી જ છે અને તેમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારા સફળ ખેડુ પરિવારનું સન્માન કરવામાં આવતું હોય છે. ઉપરોક્ત સંસ્થાના પ્રતિનિધિઓએ દ્વારા મગનભાઈ ના ખેતરની 2 વાર રૂબરૂ મુલાકાત કરાઇ હતી અને તેઓનું કામ નિહાળી દેશ તેમજ કર્ણાટકના ખેડૂતો વચ્ચેથી શ્રી મગનભાઈ તેમજ તેમના ધર્મપત્ની ધનુબેન આહીર ની પસંદગી કરવામાં આવી હતી

અત્રે એ ઉલ્લેખનીય છે કે, જેમની પુણ્ય સ્મૃતિમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે રાષ્ટ્ર કક્ષાએ સન્માનીત કરવામાં આવે છે તે કર્ણાટકના કુરુવલ્લી એમ. પુરુષોત્તમ કે જેઓ જૈવિક કૃષિના વિકાસ માટે ખૂબ મોટું નામ છે અને રાજ્યમાં કુદરતી ખેતીના પ્રચાર માટે ખૂબ કામ કરેલ છે તેમની સ્મૃતિમાં વર્ષ 1999માં સંસ્થા રચાઈ હતી જે કૃષિ અધ્યન પ્રશિક્ષણ પ્રયોગો તેમજ વિકાસ માટે પ્રેરણા આપવાનું કાર્ય કરે છે. આ વિષયને લઈને સમયાંતરે ગોષ્ટિઓ પણ યોજે છે આ ઉપરાંત ખેતીને જીવનમંત્ર માનીને ખેતીમાં જ પોતાનું જીવન સંતોષપૂર્વક જીવનારા કિસાન દંપતિઓની ઓળખ કરી તેઓનું પુરુષોત્તમરાવ કૃષિ શોધ પ્રતિષ્ઠાન તરફથી સન્માન કરવાની યોજના પણ સંસ્થા ચલાવે છે અને અત્યારે સુધી કર્ણાટક તેમજ દેશના આવા ખેડૂત પરિવારોનું સન્માન થઈ ચૂક્યું છે. અને આ મહત્વાકાંક્ષી યોજનાના ભાગરૂપે નિગાળના મગનભાઈ અને ધનુબેનની પસંદગી કરવામાં આવી હતી. જે કચ્છની પ્રાકૃતિક કૃષિમાં જોડાયેલ સમગ્ર ખેડૂત સમાજ માટે ગૌરવની વાત છે.

તીર્થહલલી ખાતે ગત તા. 27મી જાન્યુઆરીના રોજ યોજાએલ ખાસ સન્માન સમારંભમાં પ્રતિષ્ઠાનના અધ્યક્ષ શ્રી વરદાચાર એસ. ના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત હતા જ્યારે મુખ્ય અતિથિ પદે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારત વ્યવસ્થા પ્રમુખ શ્રી મંગેશ પાંડે દ્વારા મગનભાઈ દંપતીનું સેંકડો ખેડૂતો અને સંસ્થાના કાર્યકર્તાઓની વચ્ચે ભવ્ય સન્માન સમારંભમાં અદકેરું સન્માન કરાયું હતું.

શ્રી મગનભાઈ છેલ્લા 22 વર્ષથી સજીવ ખેતી કરી રહ્યા છે અને તેમનો આખો પરિવાર માત્ર ખેતીને જ સમર્પિત છે. તેમના અનેક પ્રયોગો ખૂબ સફળ રહ્યા છે ઘઉના બિયારણની સારી જાતો તેમણે વિકસાવી છે. પ્રાકૃતિક કૃષિમાં કચ્છમાં એક સનમાનનીય નામ ધરાવતા ખેડૂત છે જેમની પ્રેરણાથી અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે અનેક ખેડૂતને હમેશા માર્ગદર્શન આપતા રહ્યા છે તેમની ખેતી પધ્ધતિ એક ઉત્તમ નિદર્શન સમાન છે.

## અગ્નિહોત્રના અઢળક ફાયદા

– અદભુત અસર કરનાર દવાઓ (અગ્નિહોત્ર રાખ) મફત મળે છે, વૃક્ષ, છોડ અને ખેતીનાં પાકો માટે ચમત્કારીક ખાતર પણ મફતમાં મળે છે.

– વાયુ મંડળને શુધ્ધ, સ્વચ્છ તેમજ આરોગ્યદાયક બનાવે છે, જેનાં પરિણામે સ્વરૂપે તન અને મનની શાંતિ મળે છે.

– પરિવારનાં પ્રત્યેક સભ્યને પ્રદુષણો દ્વારા ઉત્પન્ન થયેલ તનાવો અને વિકારોથી રાહત મળે છે તેમજ શારીરીક માનસિક ઉર્જા પ્રાપ્ત થાય છે.

– કજીયા, કંકાશ, કલેશ, ઝઘડા અને ઝંઝટ ઓછી થઈને શાંતિ અને પ્રસન્નતાનું વાતાવરણ નિર્માણ થાય છે.

– રોગ બિમારીઓની સામે લડવા માટે શરીરની ક્ષમતા તેમજ મનમાં ધીરજ તથા સહનશીલતાના ગુણોનો વિકાસ થાય છે.

– શુધ્ધ વિચારોનો ઉદય થાય છે તથા પોતાની સામાજિક, પારિવારિક જવાબદારીઓને નિભાવવા માટે આત્મબળ મળે છે. આળસ દૂર થઈ કર્મશીલતા આવે છે.

– માનવ પોતાના ધર્મ–સંપ્રદાય, સમાજ તેમજ પરિવારની એક કર્તવ્યનિષ્ઠ એકમ બને છે.

– પોતાનાં વ્યાપાર, ઉદ્યોગમાં મનુષ્યની પ્રગતિ થાય છે. વિદ્યાર્થીઓમાં બુધ્ધિની ગ્રહણશકિત તેમજ યાદશકિત સબળ બને છે.

# નરનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવનો નવ દિવસમાં ૩૦ લાખ લોકો લાભ લેશે

## ભુજની ભાગોળે ઉભી કરાશે વિશેષ નગરી

ભુજ સ્વામીનારાયણ મંદિર દ્વારા નર નારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિતે મેગા મેડીકલ કેમ્પનું આયોજન રવાપર, માંડવી,ભુજ,રાપર અને અંજાર ખાતે કરાયું છે.

નરનારાયણ મૂર્તિ પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા આ મહોત્સવ ઉજવાશે. જેના અનુસંધાને ભુજ મંદિર ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત ભગવદ જીવનદાસજી સ્વામી, સ્વામી પ્રેમપ્રકાશદાસ, કોઠારી દેવપ્રકાશદાસજી સહિતના સંતો તથા મંદિરના ટ્રસ્ટીઓના માર્ગદર્શન હેઠળ કચ્છ રોગ મુક્ત બને તે સંકલ્પ સાથે મેગા મેડીકલ કેમ્પ યોજવામાં આવશે.

ભુજ મંદિરના શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ જણાવ્યું હતું કે ભગવાન સ્વામીનારાયણ ભુજ મંદિરને સ્થાપ્યાને ૨૦૦ વર્ષ પુરા થઈ રહ્યા છે ત્યારે આ મહોત્સવ નિમિતે છેલ્લા દોઢ વર્ષ થી નાના–મોટા ઉત્સવો પ્રારંભ થઇ ચુક્યા છે. જેમાં સામાજિક, ધાર્મિક, વ્યક્તિ વિકાસના આયોજનો મંદિરે હાથ ધર્યા છે. આ મહોત્સવમાં નવ દિવસમાં ૩૦ લાખથી વધુ લોકો ભાગ લેશે. સભા મંડપમાં ૮૦,૦૦૦૦ થી વધુ લોકો સારી રીતે બેસી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. ૬૦,૦૦૦ લોકો એક સાથે પંગતમાં બેસી ભોજન કરી શકશે. મંદિર દ્વારા વિવિધ વિભાગે ૩ લાખ લોકોના ઉતારા ની વ્યવસ્થા કરી છે. ૧૫,૦૦૦ થી વધુ સ્વયંસેવકો જહેમત ઉઠાવશે.

આ મહોત્સવને અનુસંધાને વિવધ કાર્યક્રમો યોજાય પણ ચુક્યા છે. જેમાં સમુહલગ્ન માં ૬૮ યુગલો જોડાયા હતા અને ૨૭,૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવ નિમિતે તા.૧૮–૪ થી તા.૨૬–૪ સુધી મહોત્સવ નિમિતે ૨૦૦ કુંડી મહા વિષ્ણુયાગનું આયોજન હાથ ધરાયું છે. તે સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે મહાપૂજા અને મહા અનુષ્ઠાનના કાર્ય ૬/૧ થી ચાલુ થઈ ચુક્યા છે, જે ૯/૩ સુધી ચાલશે. કચ્છ ના ઘણા બધા ગામો થી પ્રભાત ફેરી આવશે અને મંદિરમાં વિરામ લેશે. આ દરમ્યાન પણ બહોળી સંખ્યા માં લોકો હાજર રહેશે. ૫૧ વિદ્વાનો દ્વારા સનાતન જીવન મુલ્યો પર આધારિત ગોષ્ટી થશે. જેમાં ઉત્તર ભારત ના વિદ્વાનો જોડાશે. બ્રાહ્મણો માટે ચતુર્વેદ પર્યન ઉત્સવ યોજાશે. જે અંતરગત ઉત્તર અને દક્ષિણ ભારત ના પંડિતો ચતુર્વેદ પારાયણ નવ દિવસ કરશે. આ જ પંડિતો મંદિર અંદર નરનારાયણ દેવ, ઘનશ્યામ મહરાજ આદિની રાજોપચાર પૂજા કરાવશે. પવિત્ર જળ લઈ ૨૦૦ કુશળ દ્વારા કળશ યાત્રા પંડિતો સંપન્ન કરશે. ગાય આધારિત ખેતી કરવા ખેડૂતો પ્રેરિત થાય તે માટેનું પ્રદર્શન ગૌ મહિમા દર્શન યોજાશે. જે ગાય થકી રોજગાર, સ્વાસ્થ્ય, કૃષિ સબંધિત પ્રદર્શન હશે. દસ એકર વિશાળ સંસ્કૃતિક પ્રદર્શન હશે. જેમાં 7D પ્રદર્શન જોવા મળશે. જે ૧૮ માર્ચના શરૂ થશે. આજ દિવસે ૨૦૦ ફૂટ ઉંચો વિજય સ્તંભ રોપવામાં આવશે. જેના પર ગરુડ ધ્વજ લહેરાવવા ના આવશે. જે ઉત્સવનો પ્રારંભ થયો ગણાશે.

આ મહોત્સવ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રમોદી, ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજ્યોની મંત્રી મંડળ, કેન્દ્રીય મંત્રી પુરુષોતમ રૂપાલા અને મનસુખ માંડવીયા, આરએસએસ ના વડા મોહન ભાગવત, ઉત્તરપ્રદેશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ધર્મગુરુ ચીન્મૈયા સ્વામી વગેરે ઉપસ્થિત રહેશે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.